GUJARAT SAMACHAR

ગુજરાત સમાચાર

30.01.2022

## માર્બલ બજારમાં ઝડપથી પલ્ટાતા પ્રવાહો

# નેચરલ પછી હવે ફેક્ટરી મેઈડ માર્બલ, સ્ટોન્સના ઉત્પાદન અને માગ વધી રહ્યાના નિર્દેશો

મુંબઈ, તા. ૨૯

દેશમાં વિવિધ બજારો તથા ઉદ્યોગોમાં તાજેતરમાં પરીવર્તનનો પવન ઝડપથી ફૂંકાતો જોવા મળ્યો છે. નવી ટેકનોલોજી અપગ્રેડ થતી રહી છે તથા તેના પગલે ઉત્પાદન ટેક્નોલોજી પણ ઝડપથી અપગ્રેડ થતી જોવા મળી છે. પેરલલ ઉત્પાદનો તથા પેરલલ બજારો વિકસતી રહી છે. ડાયમન્ડ બજાર તથા ઉદ્યોગમાં તાજેતરના વર્ષોમાં નેચરલ ડાયમન્ડ ઉપરાંત લેબોરેટરીમાં બનતા લેબગ્રોન મેનમેઈડ ડાયમન્ડની બજાર પણ ઝડપથી વિકસી છે. હવે મારબલ બજારમાંથી પણ આવા સમાચાર આવ્યા છે.

કુદરતી નેચરલ મારબલ અને સ્ટોન્સની બજારમાં હવે ફેક્ટરીમાં બનતા અને એન્જીનીયર્ડ મારબલ તરીકે ઓળખાતા મારબલ તથા સ્ટોન્સની બજારનું કદ પણ નોંધપાત્ર વધ્યાનું ક્લાસીક જૂથના એમ.ડી. અમિત શાહે જણાવ્યું હતું. ૨૦૦ પ્રકારના એન્જીનીયર્ડ માર્બલ તથા ક્વોર્ટ્ઝ ઉત્પાદનો બજારમાં આવી રહ્યા છે. નેચરલ માર્બલની સરખામણીએ ફેક્ટરીમાં બનતા આવા ક્લીંગાસ્ટોન પ્રકારના માર્બલના બજારભાવ સરેરાશ ૫૦ ટકા જેટલા ઓછા રહ્યાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું. કેન્દ્ર સરકારની મેક ઈન ઈન્ડિયાની ઝુંબેશના પગલે આવા ફેકટરી મેઈડ એન્જીનીયર્ડ ઉત્પાદનોનું ઉત્પાદન વધી રહ્યું છે અને આવા ઉત્પાદનોની બજારનું કદ પણ ઝડપથી વધી રહ્યું છે.

કોરોના પછી હવે દેશમાં બાંધકામ ક્ષેત્રે ચહલપહલ ફરી વધી છે ત્યારે માર્બલ બજારમાં પણ પૂછપરછો ફરી વધી હોવાના નિર્દેશો મળ્યા છે. વૈશ્વિક સ્તરે એન્જીનિયર્ડ સ્ટોનની બજારનું કદ વધી આશરે ૨૦ અબજ ડોલરના મથાળે પહોંચ્યું છે તથા આમાં ભારતનો હિસ્સો વધી આશરે ૧૦ ટકા થઈ ગયો છે.

ફેકટરીમાં બનતા માર્બલ હવે નેચરલ માર્બલ સામે મોટી હરીફાઈ ઉભી કરતા થયા છે તથા ભારતીય સ્ટોન બજાર ઉત્ક્રાંતિ પામી રહી હોવાનો માહોલ ઉભો થયો હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. ભારતમાં આવા ઉત્પાદનોની બજાર વાર્ષિક ૨૦થી ૨૫ ટકાના દરે વૃદ્ધિ પામી રહ્યાનું આ સૂત્રોએ જણાવ્યું હતું. સિલવાસા ખાતે આવા ઉત્પાદનોનું પ્રોડકશન વિપુલ પ્રમાણમાં સર્જાઈ રહ્યું છે.

SPIN COMMUNIQUE
REPUTATION MANAGEMENT & IMAGE SOLUTION